# શહેરમાં સાંજે વાતાવરણમાં પલ્ટો

## વરસાદી વાતાવરણ થયું પણ વરસાદ ન આવ્યો સાંજના સમયે વાતાવરણ પલ્ટાના અંતે આકાશમાં કાળા ડીંબાંગ વાદળો ઘેરાઇ આવ્યા : વાતાવરણમાં ઠંડક

ગાંધીનગર તા ૨૭

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી આકરો તાપ નગરજનોને અકળાવી રહ્યો છે. બપોરના આકરા તાપ વચ્ચે દિનભર અસહ્ય ઉકળાટના લીધે શહેરીજનો ગરમીથી તોબા પોકારી ગયા છે. શહેરમાં સિઝનનો સો ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. આમછતા વાતાવરણમાં ઠંડક વર્તાતી નથી આજે પણ દિવસ દરમિયાન તડકી છાયડીના માહોલ વચ્ચે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યા હતો. જયારે વાતાવરણ પલ્ટા વચ્ચે સુસવાટા મારતા પવનની સાથે ઠંડકનુ મોજુ પ્રવર્તયુ હતુ. ગાંધીનગરમાં મોસમનો મિજાજ છેલ્લા કેટલાક સમયથી વિચિત્ર જોવા મળે છે. છેલ્લા ઘણાં દિવસોથી વરસાદ હાજરી પુરાવતો રહે છે. અત્યાર સુધી શહેરમાં સિઝનનો મહત્તમ વરસાદ સો ટકાથી વધુ નોંધાયો છે. આમછતા વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ છે. છેલ્લા બે દિવસથી આકરા તાપના લીધે ગરમીનો પારો અંશત : ઉંચકાયો છે. દિવસ દરમિયાન તડકી છાયડીના માહોલ વચ્ચે નગરજનો અસહ્ય ઉકળાટ અનુભવી રહ્યા છે. રાત્રિના સમયે પણ શહેરીજનો આકરો બફારો અનુભવી રહ્યા છે. આજે પણ સવારથી વાતાવરણમાં નગરજનો ગરમીનો અહેસાસ કરતા હતા જયારે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો નાટયાત્મક વાતાવરણ પલ્ટા વચ્ચે સુસવાટા મારતો પવન શરૂ થયો હતો જયારે બે ઘડી વરસાદના છાંટણા વરસતા ભીની માટીની મહેંક પ્રસરી હતી જો કે વરસાદી વાદળો વરસ્યા વિના વિખેરાઈ ગયા હતા પરંતુ વાતાવરણ પલ્ટાના અંતે ઠંડક પ્રસરી હતી. રજાનો દિવસ હોવાથી સાંજના સમયે મોસમની મજા માંણવા માટે નાગરિકો ટહેલવા નિકળી પડયા હતા. છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધુ જોવા મળે છે. વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ભેજનુ પ્રમાણ વધુ હોવાથી નગરજનો આકરો બફારો અનુભવી રહ્યા છે. શહેરમાં સિઝનનો પર્યાપ્ત વરસાદ થઈ ગયો હોવા છતા નગરજનોને ગરમીથી હાંશકારો મળતો નથી.



# હવે ગુજરાતમાંથી ધીમે ધીમે ચોમાસુ વિદાય લેશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

હવે ચોમાસુ ધીરે ધીરે વિદાય લેતુ જોવા મળશે. ગુજરાત તેમજ હરિયાણા અને રાજસ્થાન સહીતના વિસ્તારોમાંથી ચોમાસાની પીછેહઠ થશે. જો કે હજુ હસ્ત નક્ષત્રમાં વરસાદની શક્યતા રહે. આગામી તા. ૩૦ થી ૮ ઓક્ટોબર સુધીમાં ઘણા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થાય.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ હવે ચોમાસુ ધીરે ધીરે વિદાય લેતુ જોવા મળશે અને જમ્મુ-કાશ્મીરના ભાગ, હિમાચલ, પંજાબ, હરીયાણા, રાજસ્થાન અને ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાંથી થોડાક જ દિવસોમાં ચોમાસુ પીછેહઠ કરશે. જો કે ભારતના દક્ષિણ છેડેથી નૈઋત્યના ચોમાસાની પીછેહઠની ઘણીવાર છે. આ ચોમાસાની પીછેહઠ થવા છતાં હજુ હસ્ત નક્ષત્રમાં વરસાદની શક્યતા રહેશે. હાથીયાની ગર્જના આગલા વર્ષે ચોમાસુ સારૂ આવે તેમ મનાય છે. સપ્ટેમ્બર તા. ૩૦થી ઓક્ટોબર તા. ૮ સુધીમાં હાથીયો ઘણા ભાગોમાં ગાજવીજ સાથે વરશે. ઓક્ટોબર તા. ૯ થી ૧૨ અને તા. ૧૭મી ઓક્ટોબર પણ કોઈ કોઈ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થાય.

ઓક્ટોબર તા. ૯ થી ૧૨ બંગાળના ઉપસાગરના પૂર્વ ભાગમાં અને ભારતના દક્ષિણ છેડે હવાના હળવા દબાણની શક્યતા રહે. ઓક્ટોબર તા. ૧૨ થી તાપ પડે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સીયસ જેટલુ થવાની

**આગામી તા. ૩૦ સપ્ટેમ્બરથી ૮ ઓક્ટોબર દરમિયાન ઘણાં વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ થાય**

શક્યતા રહે. ઓક્ટોબર માસમાં ડાંગ, વલસાડ, નવસારી, સુરતના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૩૬ ડિગ્રી સેલ્સીયસ, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણના ભાગોમાં ૩૭ થી ૩૮ ડિગ્રી સેલ્સીયસ, જુનાગઢ, ભાવનગર, અમરેલીના ભાગોમાં ૩૬ થી ૩૭ ડિગ્રી સેલ્સીયસ, મધ્ય ગુજરાતના ભાગોમાં ૩૬ થી ૩૮ ડિગ્રી સેલ્સીયસ જેવુ મહત્તમ ઉષ્ણતામાન જવાની શક્યતા રહે. નવેમ્બર માસમાં પણ દિવસનો તાપ અકળાવનારો રહે. ઓક્ટોબર માસમાં દેશના ઉત્તરીય પર્વતીય ટોચના ભાગો ઠંડા થતા જશે અને આગામી થોડાક જ દિવસોમાં પશ્ચિમ વિક્ષેપની અસરો શરૂ થશે.

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે બપોરે ૧ વાગે મહત્વની બેઠક ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળશે.

મનપાના સ્થાયી સમિતિના સભાખંડમાં મળનારી આ બેઠકમાં ૧૨ થી વધુ મુદ્દાઓ પર નિર્ણયો લેવામાં આવશે. શહેરમાં વિકાસના કામોને આજની બેઠકમાં અગ્રતા આપવામાં આવી છે.

૩ મહિના પછી મનપાની સ્થાયી સમિતિ ગાંધીનગર શહેરમાં નવા ભેળવાયેલા વિસ્તારોમાં સફાઈની કામગીરી માટે એજન્સી નિયત કરી અને ડોર ટુ ડોર કલેક્શન શરૂ કરાશે. આજે મળનારી આ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો પણ લેવામાં આવનાર છે.

આ બેઠકમાં મેયરની ગ્રાન્ટમાંથી આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુબલ્સ ઉપરાંત વધુ એક શબવાહિનીનું ટેન્ડર પણ આખરી કરવામાં આવશે. આ ઉપરાંત મનપાની સિક્યોરીટી એજન્સીઓ પાસેથી હવે સુરક્ષા બંદોબસ્તની કામગીરી લેવામાં આવશે તેમજ ઓન પેમેન્ટ પોલીસ બંદોબસ્તના બિલોના નાણાં ચુકવવા અંગેની કમિશનરની દરખાસ્ત પર પણ વિચારણા કરવામાં આવશે.

**૧૨ થી વધુ મુદ્દાઓ પર ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે**

આજની આ બેઠકમાં પેથાપુર નગરપાલિકા તેમજ ૧૮ ગામની પંચાયતોના કર્મયોગીઓને મહેકમ સમિતિ દ્વારા નિયત કરાયેલ પગાર મુજબ તે ચુકવવા અંગેનો નિર્ણય પણ લેવામાં આવશે.

સે. ૭, ૨૪ અને ૨૭ ના ગાર્ડનમાં આર.ઓ. પ્લાન્ટ, વૉટરકુલર મુકવા માટે શેડ તથા સે. ૨ ના ગાર્ડનની ફરતે પેવર બ્લોકનો વોકવે બનાવેલ છે તેની ફરતે પાઈપ ઉભી કરવા અંગેના ટેન્ડરને પણ મંજૂરી આપવામાં આવશે.

શહેરમાં નવી ડિઝાઈનના પિક-અપ સ્ટેન્ડ બનાવવા અંગે નિર્ણય કરાશે. શહેરના પૂર્વ-પશ્ચિમ ભાગના માર્ગોની સફાઈ માટે એલ-૩ ને કામ આપવા અંગેનો મહત્વનો નિર્ણય લેવામાં આવશે.

# જિલ્લા તંત્ર કહે છે ૧૪ કેસ સરકાર કહે છે ૨૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્રએ આજે ગ્રામીણ વિસ્તારમાં ૧૪ કેસ પોઝીટીવ નોંધાયા હોવાનું જણાવ્યુ છે જ્યારે રાજ્ય સરકારે તેની સત્તાવાર યાદીમાં ગ્રામીણ વિસ્તારમાં ૨૬ કેસ નોંધાયાનું જાહેર કર્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણના કેસો વધી રહ્યા છે પરંતુ તંત્ર કોઈક દબાણ હેઠળ સાચા આંકડા જાહેર કરવામાં ખચવાટ અનુભવે છે અને તેને લઈ ગ્રામીણ વિસ્તારમાં તંત્ર સામે છુપો રોષ પ્રવર્તી રહ્યો છે. આંકડાઓની વિસંગતતા અંગે વારંવાર અખબારોમાં તેની વિગતો પણ જાહેર કરાઈ છે.

ગાંધીનગર તાલુકામાં ૭, દહેગામમાં ૨, માણસામાં ૩ અને કલોલમાં ૨ કેસ નોંધાયા હોવાનું જિલ્લાતંત્રની યાદીમાં જણાવાયુ છે. આજે નોંધાયેલા ૧૪ કેસમાંથી ૧૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે ૫ મહિલા દર્દીના કેસ નોંધાયા છે આ પાંચેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

**ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૨, માણસામાં ૩ અને કલોલમાં ૨ કેસ : ક્વોરોન્ટાઈન કરેલા લોકોની સંખ્યામાં વધારો થયો**

ગાંધીનગરના વાવોલ ગામેથી ૩૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોલવડામાં ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાટમાંથી ૨૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોટેશ્વર ગામેથી ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી ૧૫ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાં અર્બન વિસ્તારમાંથી એક અને ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર



ગરબો... - નવરાત્રીને આડે હવે માત્ર ૨૦ દિવસેય બાકી નથી... ત્યારે ગરબો ઘડવાની તૈયારી તડામાર ચાલે છે... કોરોનાનું ગ્રહણ છે... છતાં માતાજી પરની શ્રદ્ધા પણ અપાર છે... ગરબાનું સ્થાપન પરંપરા મુજબ પ્રત્યેક ગુજરાતી પરિવારને ત્યાં થાય છે અને થશે...

# શહેરમાં વધુ ૧૮ કોરોનાથી સંક્રમિત

## તમામ ખૂણેથી કેસો મળતાં તંત્રની દોડધામ વધી : આજે સે. ૨૬ માંથી ૨, સે. ૨૯ માંથી ૨, સે. ૪ માંથી ૨, સે. ૬ માંથી ૨ કેસ ઉપરાંત બોરીજ, ઈન્ફોસીટી, સે. ૨૮, સે. ૧૨, સે. ૨૨, સે. ૭, સે. ૩, સે. ૧૬, સે. ૨૫ અને સે. ૨ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે નોંધાયેલા દર્દીઓની સંખ્યા વધીને ૧૨૫૯ થઈ છે.

શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરના તમામ ખુણેથી આજે કેસો મળી આવતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

શહેરમાં કોરોનાના કેસો જે ઝડપે વધી રહ્યા છે તે જોતાં કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકા વધુ ને વધુ દૃઢ બની રહી છે. તંત્રએ કોરોના ટેસ્ટની સંખ્યામાં પણ વૃદ્ધિ કરી છે. આજે રજાનો દિવસ હોવા છતાં ૪૩૫ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

આજે સે. ૨૬ માંથી ૨, સે. ૨૯ માંથી ૨, સે. ૪ માંથી ૨, સે. ૬ માંથી ૨ કેસ ઉપરાંત બોરીજ, ઈન્ફોસીટી, સે. ૨૮, સે. ૧૨, સે. ૨૨, સે. ૭, સે. ૩, સે. ૧૬, સે. ૨૫ અને સે. ૨ માંથી કેસ મળી આવેલ છે.

આજે પણ હોમ આઈસોલેશન હેઠળ સારવાર લેનારાઓની સંખ્યા વધુ છે. શહેરમાં ૧૨૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

### શહેરમાં આજ સુધીમાં ૨૦ હજારના ટેસ્ટ કરવામાં આવ્યા

ગાંધીનગર શહેરમાં આજ સાંજ સુધીમાં ૨૦ હજારથી વધુ લોકોના કોરોના અંગે ટેસ્ટ કરવામાં આવ્યા છે.

શહેરમાં ૧૩ હજારથી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે તો ૬૭૦૦થી વધુ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજે રવિવારની રજાના દિવસે પણ ૪૦૦ જેટલા એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ચાર અર્બન સેન્ટર તેમજ સે. ૨૧માં ઉભા કરાયેલ ખાસ સ્ટેન્ડમાં એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. શહેરમાં વધતા જતા કેસ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યા છે.

તંત્રએ વધુ ઉંમરના લોકોને અનિવાર્ય ના હોય તો બહાર ન નીકળવા અપીલ કરી છે. તેમજ માસ્ક ફરજીયાતના નિયમનું પાલન કરવા પણ જણાવ્યુ છે. સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા પણ ખાસ અપીલમાં જણાવાયુ છે.

શહેરમાં કોરોનાના કેસ વધતાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

સાયન્સ સીટીમાં ખાનગી નોકરી કરતા અને બોરીજમાં રહેતા ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૮ માં રહેતા અને સે. ૧૬ માં ગેસ્ટહાઉસનું સંચાલન કરતા ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૬ માંથી આજે બે કેસ કોરોનાના મળી આવ્યા છે. રાંચરડામાં પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા અને સે. ૨૬ માં રહેતા ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ટેક્ષી ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૯ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૯ માંથી જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

૬૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૯ માં રહેતા અને ચાર્ટડ એકાઉન્ટન્ટની કચેરીમાં નોકરી કરતા ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૫૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે કોંગ્રેસ દ્વારા કૃષિ બિલના વિરોધમાં દેખાવો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડા તથા વિપક્ષી નેતા પરેશ ધાનાણીની ઉપસ્થિતિમાં તાજેતરમાં સંસદે પસાર કરેલ કૃષિ બિલનો વિરોધ કરવા માટે દેખાવો યોજવામાં આવ્યા છે.

સચિવાલયની સામે સેન્ટ્રલ વિસ્ટામાં આંબેડકરની પ્રતિમા પાસે સવારે ૧૦ વાગે આ દેખાવો યોજવામાં આવ્યા છે. શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આ અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવીને આ દેખાવો કરવામાં આવશે તેમ જિલ્લા સમિતિની અખબારી યાદીમાં જણાવાયુ છે. આ દેખાવો મનપાના કાઉન્સીલરો, ચૂંટાયેલા તાલુકા-જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ આગેવાનો જોડાશે. ગુજરાતમાં કૃષિ બિલનો વિરોધ કરવામાં આવશે. આ ઉપરાંત સાંજે કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ પણ આ અંગે રાજ્યપાલશ્રીને મળી તે અંગેનો વિરોધ કરતુ આવેદનપત્ર આપી રજુઆત કરશે.

# અમદાવાદમાં રવિવારે ખાણી-પીણી અને મોટા માર્કેટ રહ્યા બંધ

## કોરોનાનું સંક્રમણ અટકાવવા એએમસી એક્શન મોડમાં

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં કોરોના સંકટ દિવસેને દિવસે ઘેરું બની રહ્યું છે, દરરોજ વધી રહેલા કોરોનાના આંકડા ખરેખર ચિંતાજનક છે. ત્યારે અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા એએમસી દ્વારા પ્રયાસને વધુ ઝડપી બનાવવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મનપા દ્વારા ભીડ નિયંત્રિત કરી કોરોના સંક્રમણ અટકાવવા પ્રયાસ કરાઈ રહ્યાં છે. નોંધનીય છે કે, ખાણી-પીણી અને મોટા માર્કેટ બંધ રહ્યા હતા. લૉ-ગાર્ડન ખાતે આજે વેપાર-ધંધા બંધ રાખવામાં આવ્યો હતો. વેપારીઓ સ્વયંભૂ બંધ રાખે તે માટે પ્રયાસ હાથ ધરાયા છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ અને સુરતમાં કોરોનાનો કહેર વધુ જોવા મળી રહ્યો છે.

વારંવાર અપીલ છતાં નાગરિકો બેદકાર બની રહ્યા છે ત્યારે હવે લૉ-ગાર્ડન ખાતે આજે વેપાર-ધંધા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેથી ભીડ ઓછી થાય અને કોરોનાનો ફેલાવો અટકાવી શકાય. અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ રોકવા એએમસીએ કડક કાર્યવાહી કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com